# સ્વ. કેતન પટેલના મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવા અપીલ

મહેસાણા, તા. ૧૫

મહેસાણા શહેરમાં સ્વર્ગીય કેતન પટેલનો મૃતદેહનો અંતિમ સંસ્કાર ત્વરીત ધોરણે થાય તે માટે જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા સ્વર્ગીય કેતન પટેલના પરિવારને અનુંરોધ કરાયો હતો. જિલ્લા કલેકટર આલોક કુમાર સિવિલ હોસ્પિટલમાં સ્વર્ગીય કેતન પટેલના પરિવારજનોને મળ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે એફ.આઇ.આર કરવાની માંગણી સ્વીકારવામાં આવી છે. જે એફ.આઇ.આર થયા બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરોપીઓને સાત દિવસના રિમાન્ડ પણ નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવેલ છે.

જિલ્લા કલેકટર આલોક કુમારે વધુમાં જણાવ્યું હતું કે સ્વ. કેતન પટેલ પરિવારની અન્ય માંગણી રી-પોસ્ટમોર્ટમની માંગણી સ્વીકારી તેનું વિડીયોગ્રાફીથી રિ-પોસ્ટમોર્ટમ કરાયું છે. આ સિવાય આ કેસની તપાસ એસ.આઇ.ટીને સોપવામાં આવેલ છે. તેમજ સમગ્ર કેસ જ્યુડીશીયલને સોંપાયો છે. સ્વ. કેતન પટેલના પરિવારની માંગણીઓ સ્વીકારાઇ હોવાથી જાહેર જનતાના હિત અને તેમના આરોગ્ય માટે સ્વર્ગીય કેતન પટેલનો મૃતદહેને હિન્દુ સંસ્કાર મુજબ અગ્નિસંસ્કાર કરવા ખાસ અપીલ કરી હતી.



જિલ્લા કલેકટર આલોક કુમારે અપીલ કરતાં જણાવ્યું હતું કે માંગણી મુજબ એફ.આઇ.આર,રી-પોસ્ટમોર્ટમ અને આરોપીઓની ધરપકડ કરાઇ છે જેથી જાહેર આરોગ્યના હિત માટે મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવા અપીલ કરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિકે જણાવ્યું હતું કે આ કેસમાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે તેની ખાતરી સ્વર્ગીય કેતન પટેલના પરિવારજનોને આપી હતી.

સિવિલ સર્જન યુ.વી.ગાંધીએ જણાવ્યું હતું કે મૃતહેદને ઘણો સમય થઇ ગયેલ હોવાથી તેમાં બેકટરીયાની સંભાવનના વધી ગયેલ છે જેથી મૃતદેહ વધુ સમય રાખવો જાહેર જનતાના આરોગ્ય માટે નુંકશાન કારક છે.આ ઉપરાંત સિવિલમાં પણ આ ઘટના બાદ ઓ.પી.ડીમાં દર્દીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. જેથી સ્વર્ગીય કેતન પટેલના મૃતદેહને અગ્નિસંસ્કાર ત્વરીત ધોરણે કરવા પરિવારજનો અને સ્નેહીજનોને વિનંતી કરી હતી.

# જીએસટીના વિરોધમાં ડીસાનું કાપડ બજાર બંધ

## કાપડના વેપારીઓએ એસ.ડી.એમ.ને આવેદનપત્ર આપી જીએસટીનો વિરોધ કર્યો

ડીસા, તા. ૧૫

ડીસામાં કાપડ બજારના વેપારીઓએ કાપડ પર લગાવવામાં આવેલા જી.એસ.ટી.ને લઈ ગતરોજ કાપડ બજાર બંદ રાખીને રેલી યોજીને જી.એસ.ટી.ને કાપડમાંથી હટાવવા માટેની માંગ સાથેનું આવેદન પત્ર ડીસાના નાયબ કલેકટરને આપ્યું હતું.

વર્તમાન કેન્દ્ર સરકાર મહત્વાકાંક્ષી જી.એસ.ટી.બીલને સંસદના બંને ભાગોમાં મંજુરી મળી ગયા બાદ આગામી એક જુલાઈ થી ભારતભરમાં જી.એસ.ટી. લાગુ થઈ રહ્યું છે. જેને લઈ ડીસાના વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ડીસા શહેરમાં વર્ષોથી કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ગતરોજ સરકાર દ્વારા લાદવામાં આવેલા જી.એસ.ટી.બીલના વિરોધમાં ગતરોજ કાપડ બજાર બંદ રાખી નાયબ કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. કાપડના વેપારીઓએ જણાવ્યું હતું કે રોટી, કપડા અને મકાન હંમેશાથી લોકોની પ્રાથમિક જરૂરિયાત રહી છે અને અગાઉની પણ તમામ સરકારે આ ત્રણ વસ્તુઓ પર રાહત આપી છે. ત્યારે વર્તમાન સરકારે કાપડ પર જી.એસ.ટી.લાગુ કરીને ખુબ જ ખોટું કર્યું છે અને તેનો કાપડના વેપારીઓ શખ્ત વિરોધ કરે છે.

કેન્દ્ર સરકાર દ્વારા હજુ તો જી.એસ.ટી.નો અમલ પણ શરુ કરવામાં આવ્યો નથી અને અત્યારથી જ તેનો વિરોધ શરુ થઈ ગયો છે. ત્યારે જોવાનું એ રહે છે કે જી.એસ.ટી.ના અમલ બાદ માહોલ કેવો રહેશે...?

# ભોપાનગરના મોચીવાસમાં તુટેલા વીજથાંભલા જોખમી બનવાની ભીતિ

ડીસા શહેરના ભોપાનગર વિસ્તારમાં પાટણ હાઈવે પર આવેલા મોચીવાસમાં રહેણાંક વિસ્તારમાં ઉભેલા વીજથાંભલા ક્ષતિગ્રસ્ત થઈ



ગયા છે. આ તૂટેલા થાંભલા પરના વીજવાયરો વીજપ્રવાહનું વહન કરે છે. આવી સ્થિતિમાં ચોમાસા દરમ્યાન વીજવોટળના પગલે આ તૂટી ગયેલા વીજથાંભલા જમીનદોસ્ત થઈ જાય તો જાન હાંની થવાની પુરી શક્યતા હોઈ સ્થાનિક રહેશો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

અગાઉ પણ આ વીજ થાંભલા પાસે કરંટ લાગવાથી ગાયનું મોત થયું હતું. છતાં વીજ તંત્રની ઉંઘ ઉડતી નથી. સ્થાનિક જાગૃત નાગરીકોએ ફરીથી વીજ તંત્રનું લોખિત ધ્યાન દોરી આ ક્ષતિગ્રસ્ત થાંભલા વીના વિલંબે બદલવાની માંગ કરી છે ત્યારે વીજ તંત્રના અધિકારીઓ આ રજુઆતને ગંભીરતાથી લઈ વિના વિલંબે યોગ્ય કાર્યવાહી કરે તે ઈચ્છનીય છે.

# મહેસાણા જિલ્લામાં પાંચ લાખ નાગરિકો યોગ કરશે

મહેસાણા, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના તંદુરસ્ત રાષ્ટ્રના તંદુરસ્ત નાગરીક નિર્માણ સ્વપ્રને સાર્થક કરતા યોગ દિનની ઉજવણીને ઝળહળતી વૈશ્વીક સફળતા મળી છે. વિશ્વના તમામ દેશોમાં ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવે છે. ૨૧ જુનના રોજ સવારે ૭ થી ૭.૪૫ દરમ્યાન યોગાભ્યાસમાં કરોડો લોકો ભારતીય સંસ્કૃતિના યોગના મીઠા ફળો ચાખવાના છે.

મહેસાણા જિલ્લામાં પણ આગામી ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી થનાર છે. તેમાં મહેસાણા જિલ્લાની તમામ સ્કૂલો, સ્થાનીક સ્વરાજયની અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી જિલ્લામાં અંદાજીત ૧૧૬૫ સ્થળોએ યોગ દિવસની ઉજવણી થનાર છે. યોગ દિવસની ઉજવણીમાં નાના મોટા સહુ અંદાજે ૫ લાખ જેટલા નાગરીકો સવારે ૭ થી ૭.૪૫ દરમ્યાન શારીરીક તંદુરસ્તીને બળ પ્રદાન કરતા યોગાભ્યાસમાં જોડાઈ સહુ કોઈ યોગના લાભો લેશે.

મહેસાણા શહેરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, નાલંદા હાઈસ્કૂલ, મ્યુનીસીપલ ગ્રાઉન્ડ, ઓએનજીસી ગ્રાઉન્ડ, અને દેદિયાસણ જીઆઇડીસી ગ્રાઉન્ડ એમ કુલ પાંચ સ્થળોએ અંદાજે ૫૩ હજાર કરતા વધુ નગરજનો યોગમાં જોડાઇને શારીરીક સ્વાસ્થ્યને રોગમુક્તિ તરફ લઇ જતા લાભો મેળવશે.

યોગ દિવસની ઉજવણીમાં જિલ્લા કક્ષાના મહેસાણા ખાતેના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનોને ઉપસ્થિત રહેવા વહીવટીતંત્ર દ્વારા આમંત્રણ પાઠવેલ છે. જિલ્લાના તમામ ગામોની પ્રાથમીક અને માધ્યમીક શાળાઓ ખાતે વિધ્યાર્થીઓ ઉપરાંત સ્થાનીક ગામ લોકો યોગમાં જોડાશે. જિલ્લાના તમામ શહેરી વિસ્તારોમાં, તમામ તાલુકાના મુખ્ય મથકોમાં બે બે સ્થળે યોગના કાર્યક્રમો યોજાશે તેમાં સ્થાનીય લોકો ને મહત્તમ જોડવાનો અનુરોધ કર્યો હતો.

મહેસાણા જીલ્લાની ઐતિહાસીક વિરાસત ધરાવતા બહુચરાજી, મોઢેરા સુર્યમંદીર, વડનગરમાં તાના રીરી ગાર્ડન અને શર્મિષ્ઠા તળાવ અને તારંગાના જૈન મંદિર ખાતે પણ વિશ્વ યોગ દિન ઉજવણી થનાર છે. ત્યાં પણ લોકો યોગાભ્યાસ કરી શકશે.

# શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનુ ગૌરવ

પ્રાંતિજ, તા. ૧૫

શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટના ચેરમેન સુરેશભાઈ લક્ષ્મણદાસ રાવલનો દિકરો રાજેશભાઈ અને ભાવનાબેનની દિકરી અનુષ્કા ચાલુ સાલે મુંબઈ ખાતે લેવાયેલ ધોરણ-૧૦ ઈંગ્લિશ મીડીયમમાં બોર્ડની પરીક્ષામાં ૯૦



ટકા લાવી કુળનુ તથા રાવલ સમાજનુ તથા શાહપુર ગામ તથા સ્કુલનુ નામ રોશન કર્યું છે. જયારે શાળા પરિવાર સહિત સગાસંબંધીઓ સમાજના પ્રમુખે પણ અનુષ્કાને અભિનંદન પાઠવ્યા હતા.



## નૂતન ગ્લોબલ સ્કૂલનુ ઉદ્‌ઘાટન કરાયુ

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે મહેસૂલમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિસનગર ખાતે નુતન ગ્લોબલ સ્કૂલ અંગ્રેજી માધ્યમનું ઉદઘાટન કર્યું હતું. આ ઉપરાંત નૂતન કેળવણી મંડળ સંસ્થાનનું અમૃત મહોત્સવ સોવેનિયર ખુલ્લું મુક્યું હતું. શિક્ષણમંત્રીએ ગ્લોબલ સ્કૂલમાં રૂ. ૧,૧૧,૧૧,૧૧૧નુ દાન આપનાર દાતા રેવાબહેન મનોરભાઈ પટેલનુ સ્વાગત કર્યું હતું. ગ્લોબલ સ્કૂલ ઉદ્ઘાટન પ્રસંગે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આવનાર સમય વૈશ્વિક હરીફાઈનો છે, સમાજની રચના વૈશ્વિક ધોરણે બની છે જેથી વિવિધ ભાષાઓનું જ્ઞાન હોવુ જરૂરી છે પરંતુ ભાષાનો અભાવ અને વધુ પડતો પ્રભાવ પણ ન હોવો જોઈએ તેમ જણાવ્યું હતું.

# પ્રાંતિજ વિજકંપનીના ટેકનિકલ સ્ટાફ માટે લેડર ગાડી ફાળવવા માંગ

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ટ્રાન્સફોર્મર હાઇ ટ્રાન્સમીટર લાઈનો રીપેરીંગ માટે લેડર ગાડી માટે વારવાર રજુઆતો છતાં વીજકંપની પ્રાંતિજને લેડર ગાડીની ફાણવણી ના કરવામાં આવતા ટેકનિકલ સ્ટાફને અન્યાય થઈ રહ્યો છે.

પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાક સમયથી લેડર ગાડી ના ફાળવાતા ટેકનિકલ સ્ટાફને રીપેરીંગ માટે લેડર ગાડી વગર ગરમીમાં તડકે તપેલ થાંભલા ઉપર ચડવું અને રીપેરીંગ કરવું તથા થાંભલા ઉપર બેસીને ગરમીમાં વાયરો સાધા મારતાં મુશ્કેલીઓ પડે છે અને ચોમાસામાં પણ વરસાદ પડતાં વિજ પ્રવાહ ચાલુ હોય તો થાંભલા ઉપર વિજ કરંટ લાગવા સહિતની સમસ્યા સર્જાય છે ત્યારે જો પ્રાંતિજ વિજકંપનીને લેડર ગાડીની ફાળવણી કરવામાં આવે તો ટેકનીકલ સ્ટાફને તેનો ઉપયોગ કરવામાં આવે અને કામ ઝડપથી અને સરળ રીતે થઈ શકશે અને ગરમીમાં તથા ચોમાસામાં રાહત થશે. ત્યારે લેડરગાડી તાત્કાલિક ફાળવવામાં આવે તેવી વિજ કંપનીના ટેકનિકલ સ્ટાફના કર્મચારીઓ દ્વારા માંગ ઉઠવા પામી છે.

## રીનોવેશનનો પ્રોજેક્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા ચાર વર્ષથી આયોજન આખરી થયુ નથી. ગત બજેટ દરમિયાન ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. પરંતુ હજુ સુધી ટાઉનહોલની સુધારણા માટેનુ આયોજન આખરી થયુ નથી. જેના પરિણામે આકરી ગરમીમાં હાલ ટાઉનહોલમાં કાર્યક્રમ આયોજિત કરનારા આયોજકોએ મુંઝવણભરી સ્થિતિમાં મુકાવવુ પડે છે. ટાઉનહોલનુ એ સી પણ બંધ છે. ત્યારે ગરમીમાં ગુંગળાતા શ્રોતાઓ પણ હોલ છોડીને ચાલ્યા જવાનુ પસંદ કરે છે. જો કે માર્ગ મકાન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ ટાઉનહોલના રીનોવેશનની યોજનાને આખરી કરવા માટે ટુંકમાં જ નકશા અને ડિઝાઈન માટે એજન્સીને કામ સોંપી દેવાશે આ માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવશે.

## મંજૂરી અપાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેવાલ આવ્યા બાદ વહીવટીય મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જિલ્લા પંચાયત પાસે રૂ. ૧૩ કરોડની ગ્રાન્ટ ઉપલબ્ધ હતી.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં ૩૧ કામો રૂ. ૫૩ લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે. ગાંધીનગર તાલુકામાં ૧૬૭ કામો રૂ. ૩૨૭ લાખના ખર્ચે, કલોલ તાલુકામાં ૧૩ કામ ૧૯૪ લાખના ખર્ચે અને માણસામાં ૮૬ કામ ૧૨૯ લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસ કામોને લઈ ભારે રાજકીય વિવાદ ઉભો થયો હતો. હવે ધીમી ગતિએ આ કામોને વહીવટીય મંજૂરી આપવાની પ્રક્રિયા પૂર્ણતા તરફ આગળ વધી રહી છે. રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસકામો હાથ ધરવાની તાંત્રિક અને વહીવટીય મંજૂરી મળતાં હવે ટુંક સમયમાં આ કામો શરૂ કરવામાં આવશે. જો કે ચોમાસા પહેલા ઝડપથી આ કામો શરૂ કરવામાં આવે તેવી શક્યતાઓ ઓછી છે.

## જોખમી આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકબાજુ નવા મકાનો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. ત્યારે સેકટરોમાં રહેણાંકની દ્રષ્ટીએ જોખમી આવાસો તોડી નાંખવામાં આવશે.

શહેરમાં છેલ્લા દાયકાઓથી સ્થિત સરકારી આવાસો પૈકી અગાઉ નિકાલ હેઠળ જાહેર કરાયેલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. અગાઉ સરકારી આવાસોની સંખ્યા ૧૬ હજાર જેટલી હતી. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ શહેરમાં અંદાજિત ૧૩ હજાર જેટલા સરકારી આવાસો છે. એકબાજુ કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. ત્યારે જોખમી આવાસોની સંખ્યા પણ દિનપ્રતિદિન વધતી જાય તેવી સ્થિતિ છે. શહેરમાં નિકાલ હેઠળના જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં ભયજનક મકાનોનુ અસ્તિત્વ છે. સરકારી આવાસોમાંથી પોપડા ખરતા હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવી રહયા છે. ત્યારે આવાસો રહેણાંકની દ્રષ્ટીઅએ સલાતમ ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં રહેણાંક માટેના મકાનોની અછત ઉભી થઈ છે. જયારે આવાસોના મામલે અરજદારોની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ભયજનક આવાસો પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેમ છે. શહેરમાં વર્ષો પુર્વે ૧૬ હજાર જેટલા સરકારી આવાસો હતા. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ આવાસોની સંખ્યા ઘટી છે. જયારે હજુ પણ ભયજનક મકાનો યથાવત છે. ત્યારે આ મામલે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરાયો હતો જેના અંતે શહેરમાં ૪૩૦ જેટલા ભયજનક આવસો હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ મકાનો તબક્કાવાર તોડી નાંખવા માટે પણ કાર્યવાહી હાથ ધરાશે.

## તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

અને કોર્પોરેટર સેક્ટરની લેબોરેટરી અને લોકલ લેબોરેટરીની વાતો પણ અગત્યની છે. પણ આપણે પાછા છનાભાઈ ઉપર જઈએ... વાતને પાછી વાળીએ... કારણ કે લેબોરેટરી અને ડૉક્ટરની વાતો સારી પણ છે અને ખરાબ પણ છે. બધી જ લેબોરેટરી ખરાબ નથી હોતી, અને બધા જ ડૉક્ટર સારા નથી હોતા. દરેકને ોછા સમયમાં ઝડપથી પૈસા કમાવા છે અને એના લીધે આ તકલીફો વધી છે. જેનું ખૂબ જ દુઃખ છે. માટે જરાક ચેતજો...

છનાભાઈ જે કરાવે છે એ ખૂબ ખરાબ છે. લોકોએ ચૂકવેલા પૈસા તેનો ઉપયોગ આવો થાય. સરકાર સારા હેતુસર કર્મચારીઓને દરેક મહિને લીધેલ દવા પેટે જે પૈસા આપે છે એનો આભાર માનવાની વાત તો બાજુ પર ગઈ પણ, આવી રીતે સરકારને છેતરી એ યોગ્ય નથી. ઘણુંબધું લખવું, ઘણુંબધું કહેવું છે છતાં પણ મગજ કામ કરતું નથી અને મૂળ પણ નથી એટલે અહીં વાર્તા પૂરી કરું છું. સારો મૂળ હશે, સારો માહોલ હશે ત્યારે આવી બીજી સારી વાતો કરીશું.

## ખરાખરીનો જંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાએ તામીમ ઈકબાલના ૭૦ રનની મદદથી ૨૬૪ રન બનાવ્યા હતા. ભારતે સરળતાથી આ રન બનાવી લીધા હતા. બર્મિંગ્હામના મેદાન પર ધારણા પ્રમાણે હાઉસફુલની સ્થિતી જોવા મળી હતી. ભારતીય ચાહકો રોમાંચિત જોવા મળ્યા હતા.

ભારતીય બેટ્સમેનોની ચોગ્ગાની રમઝટ જોવા મળી હતી. ભારતે પોતાની ગ્રુપની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા ઉપર શાનદાર જીત મેળવી લીધા બાદ કરોડો ચાહકોમાં પહેલાથી જ નવી આશા જાગી છે. ભારતીય ટીમ ફરી એકવાર હોટફેવરીટ બની ગઈ છે. છેલ્લી લીગ મેચમાં આફ્રિકા સામે જીતવા માટેના ૧૯૨ રન ભારતે ૩૮ ઓવરમાં બે વિકેટ ગુમાવીને બનાવી લીધા હતા. વિરાટ કોહલી ૭૬ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો જ્યારે શિખર ધવન ૭૮ રન કરીને આઉટ થયો હતો. આ જીતની સાથે જ ભારતે સેમિફાઇનલમાં આગેકૂચ કરી લીધી હતી. ભારતે પ્રથમ મેચમાં પાકિસ્તાન ઉપર જીત મેળવી હતી. બીજી મેચ હારી ગયા બાદ આફ્રિકા સામે જીત મેળવી હતી. ભારતે પોતાની ગ્રુપ બીની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા ઉપર સરળ જીત મેળવી હતી. અગાઉ ૮મી જૂનના દિવસે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ગ્રુપ બીની એક હાઈ સ્કોરિંગ મેચમાં શ્રીલંકાએ હોટફેવરીટ ભારત પર સાત વિકેટે જીત મેળવીને કરોડો ક્રિકેટ ચાહકોને ચોંકાવી દીધા હતા. શ્રીલંકા સામે ભારતે ૩૨૧ રન બનાવ્યા હોવા છતાં શ્રીલંકાએ માત્ર ત્રણ વિકેટ ગુમાવીને આ રન બનાવી દીધા હતા. જેથી તેની જીત થઈ હતી.

## રોજ બદલાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલી વાતચીત બાદ લીધો હતો. આ બેઠકમાં તેઓએ કંપનીઓના ટોચના કારોબારીઓને વહેલીતકે સમગ્ર દેશમાં કિંમતોની નવી વ્યવસ્થા લાગૂ કરવા માટે સૂચના આપી હતી. આ અગાઉ દરરોજ કિંમતોમાં ફેરફારની યોજનાને ગયા મહિને પાંચ શહેરોમાં અમલી કરવામાં આવી હતી જેમાં પુડુચેરી, વિશાખાપટ્ટનમ, ઉદયપુર અને જમશેદપુર અને ચંદીગઢનો સમાવેશ થાય છે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ વ્યવસ્થા અમલી કરવામાં આવી હતી. પાંચ શહેરો ઉપરાંત સમગ્ર દેશમાં વર્તમાન સમયમાં તેલ કંપનીઓ ડિઝલ અને પટ્રોલની કિંમતોની સમીક્ષા દર ૧૫ દિવસમા કરી રહી હતી. આ કિંમતોની સમીક્ષા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલની કિંમતોના આધાર પર કરવામાં આવી રહી હતી.

પેટ્રોલ પંપના ઓટોમેશન અને વોટ્સએપ જેવા એપ આવ્યા બાદ હવે કંપનીઓ માટે ડિલરો સુધી તેલની કિંમતોની માહિતી પહોંચાડવાની બાબત ખુબ સરળ બની ગઈ જેથી દરરોજ કિંમતો નક્કી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતો હાલમાં એક મહિનામાં બે વખત સુધારવામાં આવી રહી હતી. પેટ્રોલ અને ડીઝલની કિંમતો હવે દરરોજ બદલશે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ આ વ્યવસ્થાને પાયલોટ સ્તર પર પહેલાથી જ લાગૂ કરી ચુકી છે. ઘણા વિકસિત દેશોમાં આ વ્યવસ્થા પહેલાથી જ અમલી છે જ્યાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો દરરોજના આધાર પર બદલવામાં આવે છે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દરરોજ ગ્રાહકો માટે કિંમત નક્કી કરવા યોગ્ય વ્યવસ્થા ગોઠવી ચુકી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સામાન્ય લોકોને આના કારણે શરૂઆતમાં તકલીફ પડી શકે છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતો ભારતમાં વર્ષોથી અંકુશમુક્ત કરવામાં આવી ચુકી છે. આનો મતલબ એ થયો છે કે, માર્કેટ આધારિત રેટ નક્કી કરવામાં આવે છે.

## મોકૂફ કરવા માંગ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમલી કરવા તેમની વ્યવસ્થા સાથે તૈયાર નથી.

એર ઈન્ડિયા સહિત તમામ કેરિયર્સ જીએસટીના ચોક્કસ પાસાઓને લઈને ચિંતિત છે. જીએસટીને અમલી કરવા વૈશ્વિક ટિકિટ વ્યવસ્થા સિસ્ટમમાં ફેરફાર કરવામાં સમય લાગી શકે છે. એરલાઈન્સ કારોબાર સાથે સંબંધિત ચોક્કસ ક્ષેત્રોમાં સ્પષ્ટતા નહીં થઈ હોવાથી ઉંચા ઓપરેશનલ ખર્ચની ચિંતા પ્રવર્તી રહી છે. બુધવારના દિવસે નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી જયંત સિંહાએ જીએસટી મુદ્દે બેઠક યોજી હતી જેમાં જુદા જુદા ઉડ્ડયન મંત્રાલયના અધિકારીઓ, એરલાઈન્સ, એરપોર્ટ અને કાર્ગો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સપ્તાહની શરૂઆતમાં જ નાણામંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરાઈ હતી કે, જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈથી જ અમલી કરવામાં આવશે. તેમાં કોઈપણ પ્રકારનો વિલંબ કરાશે નહીં. હાલમાં એવી અફવા ચાલી રહી હતી કે, જીએસટી અમલીકરણમાં વિલંબ થઈ શકે છે. અફવા બજાર ગરમ થયા બાદ નાણામંત્રી અરુણ જેટલીએ પોતે સ્પષ્ટતા કરી હતી કે, જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈથી અમલી કરાશે તેમાં કોઈપણ પ્રકારના વિલંબની કોઈ શક્યતા દેખાઈ રહી નથી.

## મોદી મેદાનમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઈને ચીનને મનાવવા માટેની જવાબદારી મોદી પોતે સંભાળવા જઈ રહ્યા છે. સુત્રોએ કહ્યુ છે કે ભારત ઈચ્છતુ નથી કે આ મામલે ચીન કોઈ કઠોર પગલુ લઈ લે. છેલ્લા થોડાક દિવસ પહેલા ભારતે ચીનની સામે કઠોર નિવેદનબાજી કરી છે. ભારતને લાંબા ગાળાથી રોકવાના પ્રયાસ ચીન દ્વારા સતત થતા રહ્યા છે. ભારતે ડ્રેગનના મુડને ખુશ કરવા માટે કેટલાક પગલા ચીનના લોકો માટે લીધા છે. જેના ભાગરૂપે ચીનના બુદ્ધીજીવી લોકોના ભારતમાં પ્રવેશના નિયમોને સરળ કરી દેવામાં આવ્યા છે. ભારત શંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશનમાં પાકિસ્તાનની સાથે સામેલ થઈ ગયુ છે. આ મામલે ચીને ભારતને સમર્થન આપ્યુ હતુ. ભારત અને ચીન વચ્ચે જુદા જુદા મામલે મતભેદો રહ્યા છે. જો કે તેમની વચ્ચે વાતચીતનો સિલસિલો તમામ વિષય પર જારી છે. સરહદી મુદ્દો પણ બન્ને દેશો આમને સામને રહ્યા છે.

## અમેરિકા-કતાર વચ્ચે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કતાર સાથે રાજદ્વારી સંબંધ તોડી નાંખવામાં આવ્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સાઉદી અરેબિયાના નેતૃત્વમાં કતાર સાથે સંબંધ તોડી નાંખવાની અખાતી દેશોની હિલચાલને ટેકો આપ્યો હતો. જો કે હવે અમેરિકી અધિકારીઓ અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. અમેરિકી અધિકારીઓ વધારે સાવધાન થયેલા છે. કટોકટીનો અંત લાવવા માટે મંત્રણાની વાત કરવામાં આવી રહી છે. ૧૨ અબજ ડોલરની આ સમજુતીથી કતાર લશ્કરી ક્ષેત્રમાં વધારે શક્તિશાળી બની જશે. સિક્યુરિટી ઓપરેશન ક્ષમતા તેની વધી જશે.

ઈસ્લામિક સ્ટેટ ગ્રુપ સહિત પારસ્પરિક સુરક્ષા ચિંતાના પાસા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. પેન્ટાગોન દ્વારા સમજુતીના મામલે વધારે વિગત આપવામાં આવી નથી. સમજુતીના ભાગરૂપે ૩૬ યુદ્ધ વિમાનો હોઈ શકે છે. અમેરિકા અને કતાર વચ્ચે આ સમજુતીના સામે અખાતી દેશો વાંધો ઉઠાવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે કતાર પર ત્રાસવાદને ટેકો આપવાના આક્ષેપ થઈ રહ્યા છે.